જ્ઞાતિઓના ભવિષ્ય સુધારનાર વિચારો.

છપાવનાર,

એન. એ. આડતીઆ,

નાં૦ ૧૧૦, ચંપાગલી, મુંબાઈ, નાં૦ ૨.

—:o:—

સુબોધિની પ્રિન્ટીંગ પ્રેસમાં વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવને
માલેકને માટે છાપી પ્રસિદ્ધ કર્યું.
ઠે૦-બજારગેટ કોટ, મુંબઈ.

—:o:—

અમુલ્ય.

જેને આ છપાવીને ફેલાવવાનો વિચાર હશે તેને
અમે સસ્તી કીંમતે છાપી આપીશું.

કવીતા.

કન્યાવિક્રય સામે પોકાર.

ઓ ! કન્યાવિક્રય કરનારા સંભાળજો રે;
નીજ આત્મસુતાનું હીત રૂદે કૈં ધારજો રે-ટેક.
પુત્રીના પૈસે જયવારો; થયો નથી કો'નો મન ધારો,
કન્યાવીક્રયનું માહા પાપ નીવારજો...........રે-ઓ૦
બુઢ્ઢાને બાળા પરણાવી; ધન માટે ના જોયું ભાવી,
હસ્ત મીળાપે વીધવા થતાં બચાવજો............રે-ઓ૦
કન્યાવીક્રય જે કરનારા; તેથી કૈં પણ યવનો સારા
આત્મસુતાના માંસ સમું જર જાણજો........ રે-ઓ૦
સ્થીતી નથી સંસારીક સારી; કન્યાને કૈં દેવું ધારી,
થોડું પણ ધન લેતાં મન અટકાવજો........રે-ઓ૦
કન્યાને કૈં નવ દેવાથી; ના ડરશો લવ નાતીલાથી,
કંકુ ને કન્યા કર નાડું બાંધજો..............રે-ઓ૦
આર્ય દેશ અનાર્ય ગણાશે; જો આ રૂઢી વધતી જાશે,
એ એબ દેશ શીરેથી સત્વર ટાળજો...........રે-ઓ૦

સૈકાપરની વાતજ અટકી; સહસ્ત્રોપર તે આવી છટકી,
સજ્જન થઇને એ ધનથી દુર નાસજો.........રે–ઓ૦
પુત્રી આપી પરણે પોતે; કાં તો પુત્ર વધુને ગોતે,
સાટાનું પણ એજ સ્વરૂપ નીહાળજો............રે–ઓ૦
પાપ કરતાં પાછું જોજો; રાજદંડથી ભયભીત રહેજો,
સ્વધર્મનું અભીમાન હૃદયમાં રાખજો.........રે–ઓ૦
વર્ણાશ્રમનો ધર્મ વીચારજો; અધમ નીતીથી વીસરજો,
સમ વયને વીણ સ્વાર્થ સુતા પરણાવજો......રે–ઓ૦
કન્યા દામ હરામ કરાશે, ત્યારે આર્યની ઉન્નતી થાશે,
આ અમ અરજી અન્તરમાં આળેખજો........રે–ઓ૦

જ૦ અ૦ વળાકર ત્રીવેદી.

બાળલગ્ન નિષેધક સંવાદ.

પાત્રો—વિનયચંદ્ર અને ચંદ્રવદન.

વિનયચંદ્ર—મિત્ર ચંદ્રવદન ? તારામાં આટલો બધો ફેરફાર ? તારૂં દરરોજનું અભ્યાસમાં ધ્યાન અને ગંભીર મુખાકૃતિ ફરી ગયાં છે, અને આજે તું કાંઇ આનંદની લહેરમાં જણાય છે ?

ચંદ્રવદન—ભાઇ વિનયચંદ્ર-તમારી પાસેજ હું મારી નવી જીંદગીની શરૂઆત થવા સંબંધી વાતચીત કરવા હાલ આવતો હતો તમે મારા તરફ પ્રેમ ધરાવો છો ને પ્રસંગોપાત્ત યોગ્ય સલાહ આપો છો તેથી હરેક કાર્ય તમોને પૂછીનેજ હું કરૂં છું. ભાઇ આજે મારાં લગ્ન લખાઈ આવ્યાં છે ને હવે પંદર દિવસમાં તો હું પરિણિત દશામાં આવીશ,

વિનયચંદ્ર—અરેરે ! ચંદ્રવદન, તારૂ શું થવા બેઠું ? તારૂ ચંદ્રના જેવું કાંતિવાળું આ વદન તને ગમતું નથી શું ? કે તેને નિસ્તેજ કરવા તૈયાર થયો છે ? આટલી નાની ઉમરમાં પરિણિત અવસ્થાએ પહોંચવા તું ઇચ્છે છે, પણ તેથી તને કેટલું નુકશાન થશે તેનો કાંઇ તને ખ્યાલ છે ?

ચંદ્રવદન—મુરબ્બી! હું તમારો કહેવાનો ભાવાર્થ સમજી શકતો નથી.

વિનયચંદ્ર—આત્મબંધુ? તે હું સમજાવવા તૈયાર છુ. જો સાંભળ. પુરૂષ શરીરનું પરમ તત્વ-વાસ્તવિક બળ જે વીર્ય તેને આટલી અલ્પ વયમાં, અપકવ અવસ્થામાં આંચકો લાગે તો પુરૂષનું પુરૂષાતન બળ, બુદ્ધિ, સ્મરણશક્તિ, તેજ, હિંમત આરોગ્ય એ સઘળાં હરાઈ જાય છે. અરેરે મનુષ્યો આ બાબતમાં કેવી પ્રવૃત્તિ કરે છે.

લાવણી.

મૂર્ખ હાથમાં મણિ મળ્યો તે, એહથી પક્ષી ઉડાવે છે;
વીર્યશક્તિ સર્વોપરી તે જન, ખ્યાલની કાજ ખપાવે છે;
શૌર્ય, તેજ, સામર્થ્ય સુજ્ઞતા, પૂર્ણ રીતે પ્રકટાવે છે;
પરમ એહ તત્વોને થામર, વિષયની કાજ વહાવે છે.

બંધુ! અજ્ઞાન લોકો ાં વીર્યનું મૂલ્ય સમજી શકતા નથી. માણસ જ્યાંસુધી પોતાના નાના સરખા કુટુંબનું ભરણપોષણ કરવા જેટલી શકિત મેળવી શકયો ન હોય, જ્યાંસુધી પત્નિ, પુત્ર પુત્રી અને બીજા કુટુંબીઓ તરફ પોતાની શી શી ફરજો છે. તે સમજી શકયો ન હોય ત્યાં સુધી તેણે પરિણિત સ્થિતિ જેવી ગંભીર દશામાં દાખલ થવું એ મુર્ખાઇ છે.

'કાર્ય કારણો સમજ્યા વિણ જે, જોખમી જહાજ ચલાવે છે.
સંતશિષ્ય સમજ્યા પછી આખર, પુર્ણ એહ પસ્તાવે છે.

ચંદ્રવદન—વડીલ બધું ? એ બધી વાત ખરી પણ મા-બાપને જ્યારે એકનો એક પુત્ર હોય ત્યારે લ્હાવો લેવાની તે ઓને સ્વાભાવિક ઇચ્છા હોય છે તમે બાળલગ્નના ગેરફાયદા તો જાણો છો તો પછી તમે નાની વયમાં કેમ પરણ્યા હતા. "**परोपदेशे पांडित्यम्**" જેવું કરો છો.

વિનયચંદ્ર—વ્હાલા ! તને કાંઇ ખબર છે કે એ નાની વયમાં પરણવાથી હું હાલ કેવો દુઃખી છું ? પરોપદેશે પાંડિત્યં તો પોતે વર્તે નહિ ને બીજાને બોધ આપે ત્યારે કહેવાય પણ વર્તનનું ઉદાહરણ બેસાડવાનો સમય તો મેં ખોયો છે. જ્યારે હું મારૂં હિતાહિત પણ સમજી શકતો નહોતો તેવે વખતે મારૂં લગ્ન મારા માતા પિતાએ કરી દીધું. હવે તો પરતાવુંજ પરિણામમાં રહ્યું છે. તારૂં લગ્ન થયું નથી તે પહેલાં એ વાત જો હું જાણી શકયો છું તો મારા જેવી દુઃખી જીંદગી તારી ન થાય તેવી મને બાળ મિત્રની ઉંડી દાઝ છે તો તને તેથી હાલ અટકવાની ખાસ ભલામણ કરૂં છું વળી ઉદાહરણની છાપ બેસાડવી હોય તો તારા માટે એ સમય છે.

ચંદ્રવદન—તે તો હું જાણતોજ નથી. મિત્ર તમે દુઃખી છો ? શું તમે દુઃખી છો !

વિનયચંદ્ર—હા, હુ દુઃખી છું.

(રાગ—મહેતાજીરે શું મહીમુલ બતાવું.)

લઘુ વયમાંરે પરણ્યાથી મુજ પ્યારા, થયા બુરા હાલ આ મારા;
નથી તનમાં તેજ જરાએરે, જ્યાં જાઉં ત્યાં ખાવા ધાએરે,
આધિ વ્યાધિ આવી ઉભરાયેરે, દુઃખ થાયેરે;
આંખે આવે છે અંધારાં. થયા—લઘુ. ૧
ભોજન રૂચિથી નવ ભાવેરે, નિંદ્રા તેણે નવ આવેરે;
ચિંતા ચિત ચાક ચડાવેરે, અકળાવેરે,
આ રીત રીવાજ નઠારા. થયા—લઘુ. ૨
ભણવાનું પુરૂં ન ભણાયુંરે, જાણવાનું ખરૂં ન જણાયુંરે,
હિત ઉલટું આતો હણાયુંરે,—હાલ મારારે.
તેહજ જાણો તમારા. થયા--લઘુ. ૩
હું પરણ્યો જ્યારથી નારીરે, ગયો હિમત મનની સહુ હારીરે;
થઇ બુરી દશા ત્યાંથી મારીરે, ઘટ અંતરરે,
જેમ ભર્યા અંગારા. થયા—લઘુ. ૪
જંજાળ તરફ જોઉં જ્યારેરે, ભય ઉપજાવે બહુ ભારેરે;
મરવા જેવાં દુઃખો મારેરે, હવે સમજ્યારે,
માત પિતા પણ મારા. થયા—લઘુ. ૫

ચંદ્રવદન—એ સઘળા દુઃખો તો તમે ગણાવી ગયા પણ એ બધાનું કારણ સ્ત્રી છે. એમ તમે પ્રતિપાદન કરો છો એવું તો કાંઇ એમાંથી નીકળતું નથી. એ બધાનું કારણ સ્ત્રી છે એમ તમે સ્પષ્ટ બતાવી આપો તો હું તો માનું.

વિનયચંદ્ર—ભાઇ ચંદ્રવદન, જે સ્થિતિના વિતકનો અનુભવ, થયે સમજી શકાય તે તને વિત્યા વિના હું ક્યાંથી બતાવી શકું. બાળ વયમાં પરણવાથીજ મને પારાવાર નુકશાન થયું છે. જો હું નાની અવસ્થામાં એ વ્યવહારની જંજાળમાં ન સપડાયો હોત તો કદિપણ મારી સારીરિક કે માનસિક સ્થિતિ નબળી થાત નહિ, સાંભળ.

રાગ પ્રભાતી (જાગને જાદવા કૃષ્ણ—એ ઢબ.)

જે વયે જ્ઞાન અભ્યાસ કરવો હતો, તે વયે મોહમાં મન લગાડયું;
પાપના યોગથી બાપને એ ગમ્યું, લાજમાં કાજ મારૂં બગાડયું;
જેહ શકિતથકી સિંધુ તરવો હતો, તેહ ગોબર વિષે મેં ગુમાવી;
વિજય કરવો હતો જેહ શકિતથકી, નિજ પરાજય કરી મેં પતાવી;
જે બળે વંશ ઉધાર કરવો હતો, તે બળે વંશનો ધ્વંસ કીધો;
અવરને આશરો મારે દેવો હતો, અવરનો આશરો મેંજ લીધો.

ચંદ્રવદન—ખરેખર.

(મુજ ઉપર ગુજરી.)

કહો મિત્ર ખરેખર મારે હવે શું કરવું
પરણેતર છોડી કવણ પંથ અનુસરવું
વિશ્વાસ ભરેલાં અનુભવી વચનો તારાં
સુણી સમજ્યો છું કે ભૂલાવે પિતુ મારા.

વિનયચંદ્ર— ગીત

ભણાય ત્યાંસુધી ભણીને, ગૃહસ્થાશ્રમનું ખરૂં વજન કરવું;
શકિત તન મન ધનની, હોય તોજ તે પંથે અનુસરવું;
શકિત વિણુ જે પરણે, ખૂટયે તન ધન ખુબ પછી રોવે;
મૂરખ એ મુજ જેવો, ખચિત રત્નો હાથ મળ્યાં ખોવે.

મિત્ર ! આ સમજણ તમે મને આ કફોડી સ્થિતિમાં મુકાયા પછી આપી હવે એ સ્થિતિમાંથી છુટવાનો કાંઈ રસ્તો ?

વિનયચંદ્ર—એમ અકળાવાની કાંઇ જરૂર નથી હજુ કાંઇ બગડી ગયું નથી હું તારા પિતાને મળીશ અને તારાં લગ્ન પાછાં ઠેલાવીશ કે એટલી મુદતમાં તું તારો વિદ્યાભ્યાસ આટોપી લે. ફકત ખોટી લાજને ખાતર તારૂં આખું જીવન બરબાદ થતું હું શાંતિથી જોઇ શકીશ કે ? તારા જેવા શુભાશાને દેખાડતા નાના પણ મિત્ર જેવા બાળકને સંસારમાં પશુ જેવો બનતો જોઇ હું બેશી રહીશ કે ? હું તારા પિતાને તેમજ તારા શ્વસુર પક્ષના સઘળાને યુક્તિથી સમજાવીશ અને હાલ પરણતો તને અટકાવીશ ત્યારેજ મને નિરાંત થશે.

ચંદ્રવદન—શાબાશ છે મારા હિતચિંતક બંધુ ! તારા આશ્રય તળે હવે હું હીમત ધરીને પરણવાની ના કહી શકીશ, આપણો આર્ય સંસાર એટલો બધો અધમતાને પ્રાપ્ત થતો ગયો છે કે પુત્ર પુત્રીને તેમની ઇચ્છા સંબંધી વડિલો તરફથી કદી પણ કાંઇ પૂછવામાં આવતુંજ નથી. કદી ભુલેચુકે પુત્ર પુત્રીઓ

પોતાની ઇચ્છા જણાવવાની કોશિષ કરે તો અજ્ઞાન લૈરાની નિ-ન્દાને પાત્ર થાય છે એવો મામલો થઇ પડયો છે, એ અજ્ઞાન લોકોની હું દરકાર નહિ કરતાં મારૂં લગ્ન બંધ કરાવીશ, અને જ્યારે મારો વિદ્યાભ્યાસ યોગ્ય જથામાં પૂરો કરીશ જ્યારે હું સત્યાસત્ય સમજવા લાયક બનીશ ત્યારેજ પરણીશ.

ચંદ્રવદન— (બનજારા.)

મહા ભૂલ કરત હું ભાઇ, મળ્યો હોત ન મિત્ર સહાયી;
વ્હેવાર કુશળ સુણી વાણી, વાત સાચી આજ સમજાણીરે;
નહિતો ફોકટ જાત ફસાઇ—મહા ભુલ કરત હું ભાઇ. ૧
ભણી કાર્ય બહુ કરવા છે નિજ પરનાં દુઃખ હરવા છેરે;
ભવ બગડી જાત મુજ ભાઇ, મહા ભુલ કરત હું ભાઇ. ૨
ચણુતર પરણ્યાના હું ચણુતો, મોટી ગમત એમાં ગણુતોરે,
તે દારા થાત દુઃખદાઈ—મહા ભુલ કરત હું ભાઇ. ૩
આધિ હુંથી હજી સહુ અળગી કોઈ વ્યાધિઓ પણ નથી વળગીરે;
એ સહુથી જાત વિંટાઇ. મહા ભુલ કરત હું ભાઇ ૪
અનુભવી તુજ આ ઉદ્દગારો, સુણી દોષ સુજ્યો છે મારોરે;
તેં નાશ કરી નબળાઇ, મહા ભુલ કરત હું ભાઇ. ૫

મિત્ર તમે મને થોડા વખતમાં ઘણી ઉપયોગી બાબતોનો ખ્યાલ આપ્યો છે ને મને સન્માર્ગે વાળવા ઉદ્યમ કર્યો છે તે માટે— (ધનાશ્રીની ગજલ).

માનીશ હું ઉપકાર મિત્ર મારા માનીશ હું ઉપકાર,
અનુભવવાળાં વચનો તારાં (૨) સાચાં શાસ્ત્રનો સાર-મિત્ર મારા.

ગુરૂતુલ્ય મિત્ર ! તમારી સમક્ષ હું આજેજ આ પહેરેલી વરમાળાનો ત્યાગ કરૂં છું ને પ્રતિજ્ઞા કરૂં છું કે—

શક્તિ પ્રાપ્ત કર્યાં પહેલાં હવે (૨) પરણું નહિ નિરધાર–મિત્ર.
પાછળથી પસ્તાવું પડત જો (૨) અનુભવી મળત ન યાર–મિત્ર.
જ્ઞાન વિનાના જે સપડાયે (તેનો) સળગેલો હોય સંસાર–મિત્ર.

વિનયચંદ્ર—ધન્ય છે ધન્ય છે તારી સારગ્રાહી બુદ્ધિને અને અનંતવાર ધન્ય છે તારી આ અચળ પ્રતિજ્ઞાને.

ચંદ્રવદન—ધન્યવાદ તો તમારા ઉત્તમ સદ્‌બોધને ઘટે છે.
(ચંદ્રવદન જાય છે).

વિનયચંદ્ર—ગૃહસ્થો ! બાળલગ્ન જેવા ઘાતકી રીવાજથી થતા ગેરફાયદાનું આ સંવાદમાં સંક્ષિપ્તપણે વિવેચન થયું છે તે આપે ધ્યાનપુર્વક ગૃહણ કર્યું હશે એ બાબતમાં મારે હજી આગળ વધીને આપને ભલામણ કરવાની છે કે જો તમે તમારા પુત્ર તથા પુત્રીને તમારા લોહીના બનેલા સમજતા હો, જો તમો તેમને ઘણા દુઃખો વેઠી ઉછેરવામાં મોટાઇ માની હોય, ને જો તમે તેમના હિતેચ્છુ હોવાનો દાવો કરતા હો તો આ સોનેરી વચનો યાદ રાખજો કે પુત્રને અઢાર વર્ષ પહેલાં ને પુત્રીને તેર વરસ પહેલાં કદી નહિ પરણાવતા. નહીતોતમે તેઓનું ભવિષ્ય બગાડવાના મહાન દોષના ભાગી બનશો. ઝીણાં જંતુઓપર જેવી દયા તમે બનાવો છો, અરે ચકલા પારેવા જેવા પક્ષીઓ તથા જાનવરોપર જેટલી દયાની લાગણી તમે રાખો છો

એટલીજ લાગણી ખરી સમજણપૂર્વક જો તમારાં પુત્ર પુત્રીઓ-પર રાખો તો હું ખાત્રીથી કહું છું કે અરધી ઉમરે બાળકોને મરણને શરણ કરનાર બાળલગ્ન જેવી ગંભીર ભૂલો તમારાથી કદી નહિ બને આપ દૃષ્ટિને વિશાળ કરશો તો જરૂર જણાશે કે આપણા વિશ્વાસે રહેલા બાળકોને આપણે દગો આપીએ છીએ. એ કાર્ય શરમાવા જેવું છે. સુજ્ઞ જનોને આથી વિશેષ કહેવાની જરૂર પડતી નથી ડાહ્યા પુરુષો લાભકારક વાતનો અંગીકાર કરવામાં વિલંબ કરતા નથી. જ્યારે મૂર્ખ અને અજ્ઞાન લોકો પકડેલું નાડું મરણ પર્યંત મુકતા નથી.

સદ્‌ગૃહસ્થો! હંસવત નીરક્ષીર ન્યાયે તત્વનું ગ્રહણ કરશો એજ છેવટની પ્રાર્થના છે.

કજોડાના કુરીવાજનો સંવાદ.

પાત્રો—માણેકલાલ અને મગનલાલ.

માણેક—મગનલાલ! આજકાલ આવડા લેવાઇ ગયા કેમ લાગો છો? એવડી બધી તમારે નાને નાનપણ શું ચિંતા આવી પડી છે?

મગન—ચિંતાની વાત શું કરૂં ભાઇ. એકજ બાબતે મારા ચિતને વ્યગ્ર કર્યું છે,

માણેક—એવી કઇ બાબત વારૂ ?

મગન—મિત્ર ! પાંચ શેર બોજો મહા મુશ્કેલીથી ઉપાડી શકે એવા નબળા મનુષ્ય પર પાંચ મણનો બોજો લાદેલાની જે દશા તે દશા મારી છે.

માણેક—બંધુ ! એવી નિર્દયતા તારા જેવા લાયક પર કોણે ગુજારી વારૂં ?

મગન—કોણે શું મારા હિતેચ્છુ ગણાતા પુજ્ય પિતાશ્રીએ.

માણેક—ભાઇ ! આ તારી મार्मिક વાત હું સમજી શકતો નથી માટે સ્પષ્ટ કહી મારા સંશયને દૂર કરે તો વધારે સારૂં.

મગન—મિત્ર ! જે મુશ્કેલી બે ચાર કલાક કે એકાદ બે દિવસ ભોગવવાની હોય તે સહન કરવી સહેલી છે. પણ હું કે જે સંસારની વ્યવહારિક મુશ્કેલીઓ ઉપાડવાને તદન નાલાયક અભ્યાસની પ્રબળ ઇચ્છા વાળો, નબળા બાંધાનો, અને એ જંજાળ ઉપાડી ફરવાને અશકત તેને મારૂં પરણેતર કહો કે ફજેતો કહો પણ તે જોવાની ખાતર મારાથી દોઢ વેંત ઉંચી સ્ત્રી સાથે લાકડે માંકડું વળગાડી દઇ કજોડાની જન્મ ટીપમાં નાંખી દીધો છે.

માણેક—અરેરે ત્યારે તો મારી પેઠેજ ઘોડીઆના સગપણની જાળ તારા માતાપિતાએ પણ ગુંથી દઇ કજોડાને ભોગ કર્યો લાગે છે.

મગન—ત્યારેજ આ અનેક પ્રકારની કજોડાની મુશ્કેલીઓએ મને ભાગ્યહીન કર્યો છેને ?

માણેક—મિત્ર ! કજોડાનાં વળી અનેક પ્રકાર શું ?

મગન—સાંભળ મને જ્યારે કારણ સિવાય બોલવું ગમે નહિ ત્યારે તેને (સ્ત્રીને) દરરોજ આખા ગામની ચોવટ કરવાની આદત છે. કલેશ, વિખવાદ ઉપર મને મૂળથી કંટાળો છે ત્યારે ઘરમાં હમેશાં પાંચ દસ કજીઆ ન કરે ત્યા સુધી ખાવુંજ ન પચે, મને વિદ્યાનો અત્યંત શોખ છે ત્યારે તેને વિદ્યાદેવી સાથે પૂર્વનું વૈર છે. વળી સંસારિક વાસનાથી હું હજી ન્યારો રહેવા માગું છું ત્યારે તે મારાથી બીલકુલ વિરૂદ્ધ વીચારની છે. મને મારા વડિલો પ્રત્યે પૂજ્યભાવ છે ત્યારે તેને દરરોજ તેમની ખોદણી મારી પાસે રજુ કરવાની આદત છે. ટુંકામાં, સ્વભાવમાં, ઉમરમાં, પ્રકૃતિમાં, માન્યતામાં અને દેખાવમાં એમ અનેક પ્રકારના કજોડાથી હું એટલો બધો મુંઝાયો છું કે મને મારા શ્રેયનો કોઈ પણ રસ્તો સુઝતો નથી.

માણેક—ખરેખર મિત્ર ! તારી સ્થિતિ હૃદયમાં ત્રાસ ઉપજાવે તેવી છે.

મગન—ભાઇ ! ત્રાસ ઉપજાવે કે ન ઉપજાવે પણ મારો ભવ તો બગડયો.

માણેક—મિત્ર ! આ તારો એકનોજ બગડયો છે એમ નથી' પણ આપણી જ્ઞાતિમાં તેવા અનેક કુટુંબો કજોડાના ગુપ્ત મારથી રીબાયા કરે છે અમારા ,પડોશમાં રામદાસના કુટુંબમાં પ્રત્યેક માણુસો એ દુઃખથી દગ્ધ થયેલા છે. તેમાં પણ તારા જેવા બે

ચાર છોકરા તો હમેશાં એ વ્યાધિની વરાળ કાઢયાજ કરે છે.

મગન—આહા! શું સમાજનું બંધારણ, શું રૂઢીની પ્રબળતા, શું અસત્ય વ્યયહારનું દબાણ, શું મનુષ્યની ઘેલછા, જે માર્ગે જતાં સેંકડે એંશી નેવું ટકા મનુષ્યો જીંદગીને મહા સંકટમાં કાઢે છે એમ પ્રત્યક્ષ જોવા છતાં તેજ માર્ગે લાજ વધારવા ખાતર ઘસડાય એ શું ઓછો ખેદનો વિષય છે!

માણેક—પારાવાર ખેદનો વિષય હોવા છતાં ખેદ તો ખેદજ્ઞ કે વિચારક પુરૂષનેજ હોય છે. રૂઢીથી ટેવાઈ ગયેલા અજ્ઞાન માબાપોને ભવિષ્યનો વિચાર કયાંથી હોય, કદાચ કજોડાના ભવાડા જોવાથી પોતાની પ્રજાને આવી કફોડી સ્થિતિમાં ન મુકવા એમ વિચાર ઘડે, પણ જ્યાં સારા ઘરની સગપણની વાત આવી અને મફતના ફજેત મેળવનારા આડોશી પાડોશીની સલાહો મળી કે તુરત પોતાનો વિચાર ફેરવી પારણેપોઢેલ બાળકને સગપણની બેડી પહેરાવી દે છે.

મગન—માણેકલાલ? પુત્રને માટે પ્રાણ પાથરનાર માબાપોને પુત્રના હિતનો જરાપણ ખ્યાલ નહિજ આવતો હોય?

માણેક—ખ્યાલ કયાંથી આવે? ચક્ષુપર (સારા સગાં સાથેનો) સ્વાર્થ અને લાલસાના પડળ હોય છે. અને હૃદય ઉપર પોતાની મોટાઈનું અપાર દબાણ હોય છે અને મગજમાં સમાજની રૂઢીની ધુન હોય છે એટલે ખ્યાલને પેસવાનો અવકાશજ હોતો નથી.

મગન—વાર માણેકલાલ ! આવી દેશનીકાલ કરવા જેવી દુષ્ટ રૂઢીઓ ક્યાંથી દાખલ થઇ હશે ?

માણેક—મિત્ર ! કેટલાએક રીત રીવાજો જમાનાના અંગે સમજીનેજ દાખલ કરેલા હોય છે પણ જમાનો ફરી ગયો અને રીત રીવાજો એના એજ રહ્યા એટલે એ રીત રીવાજો આ જમાનામાં દુઃખકારક થઇ પડયા છે. દાખલા તરીકે શીયાળાની રૂતુમાં બંધ કરેલ બારી બારણા ઉનાળામાં ન ઉઘાડવાથી ઘામમાં અકળાવું પડે છે. અથવા ઉનાળાની રૂતુમાં નહિ બંધ કરેલ બારી બારણાં શીયાળાની રૂતુમાં નહિ બંધ કરવાથી ઠંડીમાં સીદાવું પડે છે. એ ન્યાયે જમાનારૂપ રૂતુ બદલાવા છતાં રીત રીવાજ રૂપ બારી બારણાંમાં જોઇતો ફેરફાર ન કરવો એ રીબાતા રીબાતા અધોગતિએ પહોંચવા જેવું છે.

મગન—ત્યારે તો આવી આવી દુઃખકારક રૂઢીઓ નાબુદ ન થાય ત્યાંસુધી આપણને તથા આપણી ભવિષ્યની પ્રજાને રીબાવુજ પડે કે શું ?

માણેક--જમાનો એવો આવ્યો છે કે માબાપો પોતાની નકામી લાજ અને ખોટી મોટાઇ જાળવી રાખવા ખાતર નાનપણનાં સગપણો અને બાળ લગ્ન જેવા ક્રૂર રીવાજો નહિ તજે તો હવેની પ્રજા વડિલોની શરમ મર્યાદા રાખશે કે કેમ એ એક સુવાલ છે. વળી અમારી સંમતિ વિના કરેલ સગપણ રૂપ કજોડાની હેડમાં પડવા અમે નથી માગતા એમ મર્યાદા તોડાવી

પુત્રોને મોઢે બોલાવવા કરતાં સુજ્ઞ માબાપોએ પોતે પોતાની મેળે વિચારવું એ વધારે ઉચિત છે.

મગન--માણેકલાલ ! આ મારા જાતી અનુભવથી મને ચોકસ થયું છે કે તદ્દન બાળપણમાં કરેલાં સગપણ પરણતી વેળાએ ઘણાભાગે કજોડાંજ થાય છે એ કજોડાથી વર કન્યાને બેહદ શરમાવું પડે છે. માણસોમાં હાસ્ય થાય છે. અને મારા જેવા વિદ્યાભ્યાસની તીવ્ર ઇચ્છા વાળાને તો બેસુમાર હાની થાય છે.

માણેક—મિત્ર ! કેટલા એક માબાપોની એવીજ માન્યતા હોય છે કે અત્યારે આપણો વખત સારો છે તેથી પારણામાં પોઢેલ બાળકનું સગપણ થઇ જાય છે. પાછળ કોણ જાણે કેવો વખત આવ્યો માટે ઝટ સગપણ કરી નાંખીએ એટલે ચિંતા મટે. આમ પોતાના પુત્રને આખા ભવની ચિંતારૂપ ચિતામાં હોમાવા જેવું કરીને પોતે ચિંતા મટાડે છે.

મગન—ખરેખર એ વિચાર પોતાની નબળાઇવાળા, સ્વાર્થીઆ ને ભુલભરેલા છે, બુદ્ધિનો મહાન ગેરઉપયોગ તો એ છે કે પુત્રોને પરણાવવા એવી માબાપો પોતાની ફરજ સમજે છે. ખરી રીતે સદ્ વિદ્યા આપી લાયક બનાવવો એજ ફરજ છે કે જેથી તે પોતાની જીંદગી સુખમાં ગાળવા સાથે આર્થિક અને પારમાર્થિક લક્ષ્મી મેળવી અને તેનો લાભ પણ આપી શકે. પુત્રમાં જો કિંમત હશે તો કન્યા એકને બદલે એકવીશ દેવા આવશે અને જે પુત્રમાં પોતાના કુટુંબનું ભરણપોષણ કરવા જેટલી પણ શકિત

ન હોય અથવા અક્કલનો દુશ્મન હોય તો એવા નાલાયકને પરણાવી પારકી પુત્રીનો ભવ બાળવાનું પ્રયોજન શું!

વળી બાળાવસ્થામાં સગપણ કરવાથી કોણ જાણે વર કેવો પાકયો કે કન્યા કેવા સ્વભાવની થઇ અથવા પરણે ત્યાંશુધીમાં કદાચ માતાના જેવા રોગોથી અંગ બગડી ગયું કે ખોડ આવી ગઇ તો પછી પોક મૂકીને રોવાનું કે બીજું કાંઇ? આતો બાઇ! એક જાતના સટ્ટા જેવો મામલો છે. માટે હજી પણ અમારા મુરબ્બીઓ અને અગ્રેસરો આંખના પોપચાં ઉંચાં કરે અને આ જંગલી રીવાજ નાબુદ કરશે તો મારૂં તો જે થવાનું હતું તે થઇ ગયું પણ મારા બંધુઓને કજોડાની જેલમાં પુરાવું નહિ પડે.

માણેક—ખરેખર મિત્ર! આપણા અભ્યુદયનું પ્રથમ કાર્ય આપણા વડિલોનાજ હાથમાં છે. બાળક યોગ્ય ઉમરનો જ્યાંસુધી ન થાય ત્યાંસુધી તેની દરેક વ્યવસ્થા વિશ્વાસપૂર્વક વડિલોના કબજામાંજ રહે છે વિશ્વાસે ખોળામાં સુતેલા પોતાના પુત્રોને વડિલો ગમે તેવી સ્થિતિમાં ગોઠવી આપે તે સ્થિતિનો અનુભવ બાળકને મળે છે, અને તે અનુભવ પ્રમાણે પોતાની જીંદગીની રેખા દોરે છે, આથી કરીને વડિલોએ પોતાના શિર રહેલ મહાન જોખમ સમજવું જોઇએ. આપણે તો પરમાત્મા પાસે એટલુંજ માગીએ કે અમારા વડિલો અને અગ્રેસરોને પોતાનો સમાજ સુધારવા સદ્બુદ્ધ આપો અને સ્વતંત્ર બળ પ્રગટો એજ પ્રાર્થના છે.

મગન—અસ્તુ.

જ્ઞાતિના સામાન્ય વિચારો.

——:o:——

૧ આગેવાનોની પદવી જોખમભરેલી છે.

૨ ન્યાય કરનારે કન્યાવિક્રય કરવો નહિ

૩ કન્યાવિક્રયનો દંડ ખોડા ઢોરમાં વાપરવો.

૪ નિર્મળ વિચારશક્તિવાળા માણસોને આગેવાન નીમવા જે કોઇની સાથે વેર બાંધે નહી કે વેર વસુલ કરે નહી.

(બદલો વાળે નહીં).

૫ ચુંટણીના ધોરણપર કામ લેવું

૬ ચુંટી કહાડી, નીમેલા, કાર્ય કરનારાઓના હકો અને ફરજો નક્કી કરવાં.

૭ જે જે ગુન્હાઓ થવા, બનવા જોગ, હોય તે તે ગુન્હાઓ નક્કી કરવા અને તે દરેક ગુન્હા માટે ચેકકસ સજા દંડ પણ નકકી કરવાં.

૮ પાડાના ગુન્હા માટે પખાલીને ડામ દેવો નહી અને ચીભડાના ચોરને ફાંસીની સજા કરવી નહી.

૯ કોમને એકદમ તમારી ઇચ્છા મુજબ બનાવવા (વગર પ્રયાસે) તમે આગ્રહ કરો એ સ્વાભાવીક રીતેજ ગેરવ્યાજબી

છે, સમાજનો લોકમત કેળવી, સમજ પાડી, બોધ કરી, સર્વને માન્ય હોય તેવા સુધારા દાખલ કરી તે પ્રમાણે કાયદા બંધાવી અને પછી ઉદાર આચરણ ચલાવવું તેજ હીતકર્તા છે.

૧૦ જે ન્યાય તરફ સરવેનો પુજ્ય ભાવ ઉત્પન્ન થાય તેવો ન્યાય કરવો અને જ્ઞાતિનું સ્વમાન જળવાય તેમ વર્તવું.

૧૧ બાળ વીધવાઓના ચાલુ પોકાર ઉપર બીજા કશાની ખાતર નહી તો તમારા નાકની ખાતર પણ લક્ષ આપો.

૧૨ એક જીવતા માણસ (કન્યા) ના માલીક બનવાનો લ્હાવા લેવા અશક્ત, અજ્ઞાન અને ભુખે મરતા પુરૂષોએ કદી ઇચ્છા કરવી નહી.

૧૩ ખાનદાનોને (ડબલ) બમણી કન્યાઓ મળે અને બીજાઓને ઘેર કન્યાઓનો દુષ્કાળ પડે એવાં જ્ઞાતિઓના ધારણથી સેંકડો અને હજારો લોકો કંટાળી રહેલા હોય છે તે યાદ રાખવું.

૧૪ ગૃહસ્થાશ્રમ ચલાવવા માટે જોઇતું શરીર બળ, બુદ્ધી બળ, અને રળવાનાં સાધન મેળવ્યા પહેલાં જેઓ બાપદાદાની આબરૂથી મળતી કન્યાનો લાભ લેવા તૈયાર થશે તેઓ આ સખ્ત હરીફાઇના જમાનામાં પાછળથી પોક મુકીને રડશે.

૧૫ સૌ સૌની મરજી મુજબ વર્તવું એ માત્ર સમાજનું સત્યાનાશ વાળવા બરાબર છે.

૧: વર કન્યા વચ્ચે પાંચ વરસનો તફાવત રાખ્યા શીવાય વેવીસાળ કરનારનો અમુક રૂપીઆ દંડ ઠરાવવો.

૧૭ એક પડસે ઘણા વર પરણે તેવો રીવાજ હોય તો દુર કરવો જેથી વિધ્વાઓની નિરાધાર સ્થીતિ ઘટે.

૧૮ વેવીસાળ રદ થઈ શકતુ નથી માટે વેવીસાળ કરતાં પહેલાં ઘણો લાંબો વીચાર કરવાનો કન્યાના બાપને વખત આપવો અને એટલા માટે બે મહીના કે ચઉદ મહીનામાં કન્યાનું વેવીશાળ એકદમ ઉતાવળથી કરવાની ફરજ પાડનારા કાયદા હોય તો તે રદ કરવા તેમાંજ ડહાપણ છે.

૧૯ સુધરતા જતા જમાનામાં કન્યાના બાપને વેવીશાળ કરવાની ફરજ પાડનારો કાયદો જ્ઞાતિના માણસોનાં કઠોર અને ઘાતકી હૃદય બતાવી આપે છે.

૨૦ વેપારી દર વરસે જેમ પોતાની સ્થીતિનું સરવાયું કહાડે છે તેમજ દરેક બેઠક વખતે અમુક વર્ષે દરેક જ્ઞાતિએ પોતાના સમાજમાં કુંવારાં, વેવીશાળ થયેલાં, પરણેલાં અને રંડેલાં સ્ત્રી પુરૂષો દરેક ગામમાં અને આખી જ્ઞાતિનાં કેટકેટલાં છે તે નક્કી કરવું અને દરેક જણને તેથી જાણીતા કરવા.

૨૧ નકામી, નજીવી અને હલકી બાબતો હાથ ધરવી નહી કે જેથી નકામા કજીયા અને કડવાસ ઉભી થાય.

Printed and Published by Bhagvanlal Tribhuvan
at Subodhini Printing Press, 305 Bazar Gate,
Fort, Bombay.